Wednesday
03.08.2022
*Volume :7 * Issue No.01
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER



# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

### મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભુજના કોડકી રોડખાતેના લમ્પી આઈસોલેશન સેન્ટર અને સુખપર ગૌરક્ષણ સંસ્થા-પશુ રસીકરણ કેન્દ્રની મુલાકાત લીધી

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લમ્પી ચર્મ રોગ સંદર્ભે કચ્છની નિરીક્ષણમુલાકાત લીધી

### મુખ્યમંત્રીશ્રીએ કલેકટર કચેરી ભુજ ખાતે લમ્પી ચર્મ રોગ વાયરસ અંગે જિલ્લા પદાધિકારીઓ અને વહીવટીતંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી











## મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છતા અને સારવાર પર વિશેષ ભાર મૂકી સરકારના સંપૂર્ણ સહયોગની ખાતરી આપી

કમલમ્ ન્યુઝ,ભુજ ,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજ્યના પશુધનમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળેલા લમ્પી સ્કીન ડિસીઝથી અસરગ્રસ્ત કચ્છ જિલ્લાની મુલાકાતે પહોંચ્યા હતા.કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજી પટેલ પણ તેમની સાથે જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભુજના કોડકી રોડ ખાતેના લમ્પી આઈસોલેશન સેન્ટર અને સુખપર ગૌરક્ષણ સંસ્થા-પશુ રસીકરણ કેન્દ્રની મુલાકાત લીધીહતી તેમજ પશુધનને અપાઈ રહેલી સારવાર-સંભાળની જાણકારી મેળવી હતી. લમ્પી રોગથી અસરગ્રસ્ત પશુઓને અલાયદા રાખવા માટેના આઈસોલેશન સેન્ટરમાં પશુઓ અને વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરીને વિગતે માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ કલેકટર કચેરી ભુજ ખાતે લમ્પી ચર્મ રોગ વાયરસ અંગે જિલ્લા પદાધિકારીઓ અને વહીવટીતંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીહતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભવ્ય વર્માએ લમ્પી રોગની પ્રવર્તમાન પરિસ્થિતિ અને સઘન કામગીરીની વિગતે માહિતી રજૂ કરી હતી. જે પૈકી સમગ્ર જિલ્લામાં ૩૮૧૪૧ પશુઓ લમ્પી સ્કીન ડિસીઝથી અસરગ્રસ્ત થયેલા છે.આવા અસરગ્રસ્ત પશુઓને ક્વોરેન્ટાઈન કરીને આઈસોલેશનમાં રાખવા માટે જિલ્લાના ૧૦ તાલુકાઓમાં ૨૬ જેટલાં આઈસોલેશન સેન્ટર ઊભાં કરવામાં આવ્યાં છે.આ આઈસોલેશન સેન્ટરમાં અસરગ્રસ્ત પશુઓની સારવાર સંભાળ થઈ રહી છે.કચ્છ જિલ્લામાં લમ્પી સ્કીન ડિસીઝને વધુ ફેલાતો અટકાવવા અત્યાર સુધી ૨.૨૬ લાખથી વધુ પશુધનનું રસીકરણ પશુપાલન વિભાગ અને જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યમાં જે ૨૦ જિલ્લાઓનાં પશુધનમાં આ રોગચાળો જોવા મળ્યો છે, તે જિલ્લાઓમાં અત્યાર સુધીમાં ૧૦ લાખ ૬ હજારથી વધુ નિરોગી પશુઓનું રસીકરણ થયું છે. જિલ્લાકક્ષાએ આ હેતુસર ૬ લાખથી વધુ વેક્સિન ડોઝ પણ ઉપલબ્ધ છે.પશુધનમાં આ લમ્પી સ્કીન ડિસીઝની સારવાર અને રસીકરણ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા ૨૨૨ પશુચિકિત્સા અધિકારીઓ, ૭૧૩ પશુધન નિરીક્ષકો સઘન સર્વે, સારવાર અને રસીકરણની કામગીરીમાં જોડાયા છે.એટલું જ નહીં, રાજ્યની વેટરનરી કોલેજના સ્નાતક, અનુસ્નાતક અને અધ્યાપકો મળીને ૧૦૭ સભ્યો કચ્છ ઉપરાંત જામનગર, દેવભૂમિ-દ્વારકા અને બનાસકાંઠામાં કાર્યરત થયા છે.

કચ્છ જિલ્લા વહીવટીતંત્ર સાથે યોજાયેલી સમીક્ષા બેઠકમાં કચ્છ જિલ્લા માટે કામધેનુ યુનિવર્સિટીના વધુ ૧૭૫ લોકોને મોકલી રસીકરણ સઘન બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વેકસીનેશન સેન્ટરની પણ મુલાકાત લઈને વેકસીન સ્ટોક, તેની સાચવણી વગેરેની માહિતી મેળવી હતી.આ બેઠકમાંજિલ્લા વિકાસ અધિકારીશ્રી ભવ્ય વર્મા દ્વારા જણાવવામાં આવ્યુંકે જિલ્લામાં ૫૮ જેટલી પશુ ચિકિત્સા એમ્બ્યુલન્સ સેવારત છે. જિલ્લાના ૯૬૪ ગામોમાંથી ૫૮૫ ગામોના પશુઓ આ રોગથી અસરગ્રસ્ત છે. ૩૮ હજાર પશુઓ આ રોગનો ભોગ બન્યા છે આ પૈકી ૩૪૬૭ કેસ જ એક્ટીવ કેસ છે. ૫૦ હજાર પશુઓને સારવાર આપવામાં અવેલી છે એટલું જ નહીં ૨.૨૬ લાખ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લામાં રોજ ૨૦હજાર પશુઓનું રસીકરણ કરીને બાકી રહેલા ૩.૩૦ લાખ પશુઓનું સઘન રસીકરણ કરવાનો એક્શન પ્લાન જિલ્લા તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.જિલ્લામાં રાજ્ય સરકાર તરફથી વેકસીનનો પૂરતો જથ્થો ફાળવવામાં આવ્યો છે. મુખ્ય મંત્રીશ્રીએ જિલ્લાના પશુધનમાં આ લમ્પી સ્કિન ડીસીઝ વધુ ન ફેલાય તે માટે રોગ ફેલાવતા કીટકોના નિયંત્રણ માટેના પગલાં અને ઉપાયો વધુ સઘન બનાવવા સૂચન કર્યું હતું. તેમણે મૃત પશુઓના વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તેની તકેદારી રાખવા જિલ્લાના અધિકારીઓને તાકીદ કરી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે આ મુલાકાતમાં કૃષિ કલ્યાણ, સહકાર અને પશુપાલન વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પુરી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી અને પશુપાલન નિયામક શ્રી ડૉ.ફાલ્ગુની ઠાકર વગેરે જોડાયા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પારુલબેન કારા,જિલ્લા અગ્રણીશ્રી કેશુભાઈ પટેલ, સરહદ ડેરીના ચેરમેનશ્રી વલમજીભાઈ હુંબલ, માંડવી-મુંદ્રા ધારાસભ્યશ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, અબડાસા ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, ગાંધીધામ ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી,જિલ્લા કલેકટરશ્રી પ્રવીણા ડી.કે, સરહદ રેન્જ આઈજી શ્રી જે .આર. મોથલીયા, પશ્ચિમ કચ્છ એસપી શ્રીસૌરભ સિંઘ,નિવાસી અધિક કલેકટરશ્રી હનુમંતસિંહ જાડેજા,ભુજ પ્રાંત અધિકારીશ્રી અતિરાગ ચપલોત, લમ્પીરોગ નિયંત્રણના ખાસ નિયુકત અધિકારી સંયુક્ત નિયામકશ્રી સુનિલભાઈ ભગોરા,નાયબ પશુપાલન અધિકારીશ્રી ડૉ.હરેશભાઈ ઠક્કર,મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.જનક માઢક, જિલ્લા મેલેરીયા અધિકારીશ્રી દુર્ગેશભાઈ,જિલ્લા આયોજન અધિકારી શ્રી ચાવડા,કાર્યવાહક ડિઝાસ્ટર મામલતદાર શ્રી અનિલભાઈ ત્રિવેદીસહિતના સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છમાં રાજયકક્ષાના મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કરાશે

### નિવાસી અધિક કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને ભુજમાં યોજાનાર કાર્યક્રમના સુચારૂ આયોજન અંગે સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઇ

કમલમ્ ન્યુઝ,ભુજ,

દેશ અને રાજ્ય અને સમાજના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારી મહિલાઓને પ્રોત્સાહિત તથા તેમના યોગદાનને બિરદાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૧ ઓગષ્ટથી નારી વંદન ઉત્સવનો પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત તા. ૫ ઓગષ્ટના મહિલા કર્મયોગી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કચ્છ જિલ્લામાં થશે. જે સંદર્ભના આયોજન અને વ્યવસ્થાપન અનુસંધાને નિવાસી અધિક કલેક્ટર શ્રી હનુમંતસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ સંબંધિત તંત્રના અધિકારીશ્રીઓને કાર્યક્રમની કામગીરીને લઈને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમના સુચારું આયોજન અંગે યોગ્ય વ્યવસ્થા કરવા માટે સૂચન કર્યું હતું.



તા.૫ ઓગસ્ટના ભુજમાં યોજાનાર આ કાર્યક્રમમાં મહિલા સરપંચ/ તાલુકા અને જિલ્લાકક્ષાએ સમાજમાં આગવું પ્રદાન કરનાર મહિલાઓ, ઉદ્યોગ સાહસિક મહિલાઓ, ખેતીવાડી ક્ષેત્રે અને ડેરી-પશુપાલન ક્ષેત્રે આગવું પ્રદાન આપનાર મહિલા ખેડૂતો તથા શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે તેવું જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી અવનીબેન દવેએ જણાવ્યું હતું. બેઠકમાં ભુજ પ્રાંત અધિકારીશ્રી અતિરાગ ચપલોત, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.જનક માઢક તથા સંબંધિત વિભાગના સર્વશ્રી અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

# સામાજિક વનીકરણ વિભાગ દ્વારા લમ્પી રોગ સામે લડત આપવા લખપત તા.ના ગામોમાં મેડિકલ કેમ્પ યોજાયો

### લાખાપર, દેદરાણી તથા મોટા ભાડારા ખાતે મેડિક્લ કેમ્પમાં ગાયોને વેકસિનેશન તેમજ દવા વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી







### તા.૩ ઓગષ્ટના કાનેર, વિરાણી, લક્ષ્મીરાણી, ખરોડા, ખરાઇ ગામે મેડીકલ કેમ્પનું આયોજન કરાશે

કમલમ્ ન્યુઝ,ભુજ,

ગુજરાત રાજ્યમાં ગાયોમાં ફેલાઈ રહેલા લમ્પી રોગ સામે લડત આપવા તેમજ આ રોગને અટકાવવા અને પશુપાલકોની મદદ માટે સામાજિક વનીકરણ વિભાગ કચ્છ દ્વારા લખપત તાલુકાના લાખાપર ,દેદરાણી તથા મોટા ભાડારા ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયોના વેક્સિનેશન કાર્યક્રમ તેમજ દવા વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સાથે સાથે વેટેરનરી ડોક્ટર માર્ગદર્શન મુજબ ગાયોને સ્થળ પર જ સારવાર કરવામાં આવી હતી.ગામ લોકોને અંધશ્રદ્ધાથી દુર રહેવા માટે સમજ આપવામાં આવી હતી. આ સાથે રોગગ્રસ્ત ગાયોને જો છૂટી મૂકવામાં આવે અને જો તે જંગલ વિસ્તારમાં મૃત્યુ પામે અને જંગલી પશુઓ તેનો ખોરાક તરીકે ઉપયોગ કરે તો જંગલના પશુઓને પણ તકલીફ પડી શકવાની સંભાવનાઓ રહેલી છે. જેને ધ્યાને લઈ ગામ લોકોને રોગગ્રસ્ત ગાય જંગલમાં છૂટી ન મુકવાની સલાહ આપવામાં આવી હતી.

વેટરનરી ડો. કે.એચ. આગલોડિયાના માર્ગદર્શન મુજબ રોગગ્રસ્ત ગાયોની સ્થળ પર જ સારવાર કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કચ્છ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષણશ્રી વિજય રાણાના માર્ગદર્શન હેઠળ થયું હતું. આ કાર્યક્રમમાં સામાજિક વનીકરણ રેન્જ દયાપરના રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી બી.એન. દેસાઈ તથા રેન્જ ઓફિસના સ્ટાફે કામગીરી કરી હતી. દયાપર પશુ દવાખાનાની સમગ્ર ટીમ જીવીકે ૧૯૬૨ની પાંચ ટીમ અને સાથે સાથે ડીએમએફની એક ટીમ પણ જોડાઈ હતી. તમામ ટીમોએ શ્રેષ્ઠ સંકલન સાધીને ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી. તા.૩ ઓગષ્ટના કાનેર, વિરાણી, લક્ષ્મીરાણી, ખરોડા, ખરાઈ ગામે મેડિકલ કેમ્પનું આયોજન કરાશે તેવુંકચ્છ વિસ્તરણ વન વિભાગ- ભુજ ,નાયબ વન સંરક્ષક, એચ.વી. મકવાણાની યાદીમાં જણાવાયું છે.

# નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત દેશમાં ૫ ક્રરોડ પરિવારોની સાથે સંપર્કનું મહાઅભિયાન યોજાશે

કમલમ્ ન્યુઝ,ભુજ,

ભારત સરકાર, યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલયના સંયુકત સહકારથી નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશના ગ્રામીણ વિસ્તારોમાં હર ઘર તિરંગા ફરકાવવા માટે પાંચ કરોડ ગ્રામીણ પરિવારોના સઘન સંપર્કનો મહાઅભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નવી દિલ્હી સ્થિત નેહરુ યુવા કેન્દ્ર સંગઠનનું મુખ્ય કાર્યાલય, છ ક્ષેત્રીય કાર્યાલયો અને ૨૯ રાજ્યોમાં સ્થિત કાર્યાલયોની દેખરેખમાં દેશના ૬૨૩ જિલ્લામાં કાર્યરત જિલ્લા નેહરુ યુવા કેન્દ્રના ૧૨ હજાર રાષ્ટ્રીય યુવા સ્વયંસેવકો તેમજ તમામ જિલ્લાના બ્લોકમાં કાર્યરત ૨.૫ લાખથી વધારે યુવા કલબોના નેટવર્કના માધ્યમથી આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર પર તિરંગો ફરકાવવામાં આવે તે માટે સંર્પક કરીને નાગરિકોને આગ્રહ કરવામાં આવશે. દરેક યુવા કલબ પોતાના ગામ અથવા નજીકના ગામોના તમામ ઘર અથવા ઓછામાં ઓછા ૨૦૦ ઘરનો સંપર્ક કરીને તિરંગો ફરકાવવા માટે લોકોને પ્રેરિત કરશે. સામાન્ય નાગરિક પણ હવે પોતાના ઘર પર તિરંગો ફરકાવી શકે એવી અમૂલ્ય તક આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આયોજિત હર ઘર તિરંગા કાર્યક્રમના અવસરે લોકોને મળવા જઈ રહી છે. નહેરૂ યુવા કેન્દ્રના યુવા સ્વયંસેવકો દેશને આઝાદી અપાવનારા ક્રાંતિકારીઓના બલિદાનની શૌર્યગાથાનું દસ્તાવેજીકરણ અને તેમના સન્માનમાં મોટાપાયે વૃક્ષારોપણના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. યુવા સ્વયંકો દ્વારા હર ઘર તિરંગા કાર્યક્રમ સંદર્ભે દરેક જિલ્લાના દરેક બ્લોકમાં તિરંગાની સાથે પ્રભાત ફેરી, રેલી, સાઈકલ, મોટર સાઈકલ રેલી, ક્વિઝ, નિબંધ લેખન, પેન્ટિંગ, ફોટોગ્રાફી વગેરે સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. નહેરૂ યુવા કેન્દ્રના તમામ અધિકારીશ્રીઓ, સ્વયંસેવકો અને યુવા કલબો હર ઘર તિરંગા કાર્યક્રમને લઈને સક્રિયતાપૂર્વક કામગીરી કરી રહ્યા છે એવું નહેરૂ યુવા કેન્દ્ર ભુજ કચ્છના જિલ્લા યુવા અધિકારી શ્રી રચના વર્માની અખબારી યાદીમાં જણાવાયું છે.

